## આંક–૧ લગત હુકમ

(૧) તા.૦૨.૦૯.૨૦૨૫ ના રોજ વિ. એડિ. જ્યુડી.મેજી.ફ.ક., લુણાવાડા દ્ધારા ક્રિ.કેસ નં.૨૪૬૨/૨૦૨૩ માં આપવામાં આવેલા ચુકાદા સામે અપીલકર્તા/મૂળ આરોપી દ્ધારા દાખલ કરાયેલી હાલની અપીલ, જેમાં આરોપીને નેગોશ્યેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ–૧૩૮ હેઠળ સજાપાત્ર ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યો છે.

(૨) અત્રેની કોર્ટને એવું લાગે છે કે, સમાધાનનાં એવા તત્વો છે જે પક્ષકારોને સ્વીકાર્ય હોઈ શકે છે અને તેથી, સી.પી.સી. ની કલમ–૮૯ હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, હાલની અપીલ મધ્યસ્થી કેન્દ્ર, જિલ્લા અદાલત, લુણાવાડા નાઓને મોકલવામાં આવી છે અને તેથી મધ્યસ્થી કેસ નં.૨૧/૨૦૨૬ દ્ધારા આ કેસ મધ્યસ્થી માટે લેવામાં આવ્યો છે.

(૩) પક્ષકારો વચ્ચે પુષ્કળ પ્રયાસો અને બેઠકો પછી, મધ્યસ્થી દરમિયાન, પક્ષકારો તેમની સ્વતંત્ર સંમતિ અને ઇચ્છાથી સમાધાન પર પહોંચે છે અને તેના દ્ધારા પક્ષકારો વચ્ચે કેસ ઉકેલાય છે. આ સંદર્ભમાં, મધ્યસ્થી શ્રી ટી. ડી. મારવાડીએ તેમનો અહેવાલ આંક–૦૯ વાળા ફોરવર્ડીંગ પત્રથી સેક્રેટરી શ્રી, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, લુણાવાડા નાઓને તથા ડી.એલ.એસ.એ., લુણાવાડા નાઓએ આંક–૧૦ નાં ફોરવર્ડીંગ પત્ર સાથે આંક–૧૧ વાળો પક્ષકારો વચ્ચેનો સમાધાન કરાર સાથે, પક્ષકારો વચ્ચે સમાધાન રકમની ચુકવણી સમજાવીને મોકલ્યો છે અને વિ.ટ્રાયલ કોર્ટ દ્ધારા પસાર કરાયેલ દોષિત ઠેરવવાના આદેશને રદ કરવાની વિનંતી કરી છે અને પક્ષકારો તેમજ મીડીએટરે તેના પર સહી કરી છે.

(૪) હાલનાં કામે પક્ષકારો દ્ધારા દાખલ કરાયેલ સમાધાનને ધ્યાનમાં રાખીને, ક્રિ.અપીલ નં.૮૧/૨૦૨૫ માં સમાધાન કરારમાં વર્તમાન અપીલનાં પક્ષકારોએ રૂા.૧,૬૫,૩૫૭/– જે અપીલનાં કામે ડીપોઝીટ થયેલ છે તે રીસ્પોન્ડેન્ટને મળે તેમ સદર વિવાદનું સમાધાન કર્યું છે અને વિવાદિત ચેક માટે ચૂકવણી કરવાની કોઈ રકમ બાકી નથી.

(૫) હાલની અપીલ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ–૧૩૮ હેઠળ સજાપાત્ર ગુના માટે વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલા દોષિત ઠેરવવાના આદેશ સામે દાખલ કરવામાં આવી છે. બંને પક્ષો વચ્ચે સુમેળભર્યા સમાધાન થાય છે અને તેથી નેગો. ઈન્સ. એક્ટની કલમ–૧૪૭ ની જોગવાઈને ધ્યાનમાં રાખીને, તેમનો સમાધાનનો પ્રયાસ નોંધવામાં આવે છે. પરંતુ દામોદર એસ. પ્રભુ વિરૂદ્ધ સૈયદ બાબાલાલ એચ. ના કેસમાં માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલા નિર્દેશ મુજબ, અહીં પક્ષકારો દ્વારા અપીલની સુનાવણીનાં તબક્કે સમાધાન થાય છે. માનનીય સર્વોચ્ચ અદાલતે વધુમાં આદેશ આપ્યો છે કે, સક્ષમ કોર્ટ અલબત્ત, કેસનાં ચોક્કસ તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને ખર્ચ ઘટાડી શકે છે, જ્યારે આવા તફાવત માટે લેખિતમાં કારણો નોંધી શકે છે. આમ, અપીલ કોર્ટ પોતાના વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી શકે છે અને આરોપીને ચેકમાં ઉલ્લેખિત રકમના ૧૫% કરતા ઓછી રકમ ચૂકવવાનો નિર્દેશ આપી શકે છે. આ કેસમાં આ પાસાને ધ્યાનમાં લેતા, આરોપી ખૂબ જ નાજુક નાણાકીય સ્થિતિમાં હોવાનું જણાય છે અને તેની આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ છે, પરિણામે, અરજીમાં ઉલ્લેખિત તમામ સંજોગોને ધ્યાનમાં લેતા, જે રકમ વસૂલ કરી શકાય છે તે તેનાથી ઓછી વસૂલ કરવી જોઈએ. હાલના કેસમાં, ચેકની રકમ રૂ. ૧૦,૫૯,૧૮૬/– છે, જ્યારે વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા રૂા.૮,૨૬,૭૮૬/– આરોપીએ ફરિયાદીને વળતર પેટે હુકમની તારીખથી એક માસની અંદર ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવેલ. જેથી સદર હુકમ મુજબ રૂા.૮,૨૬,૭૮૬/– નાં ૧% રૂા.૮,૨૬૮/– થશે. કોર્ટ સમક્ષ સૂચવેલ આર્થિક સ્થિતિ અને સંચિત પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, જો આરોપીને રૂા.૮,૨૬૮/– ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવે તો તે ન્યાયના હિતમાં રહેશે. પરિણામે, નીચે મુજબનો આદેશ પસાર કરવામાં આવે છે.

**–: : હુકમ : :–**

**૧...** હાલની અપીલ આથી મંજૂર કરવામાં આવે છે અને પરિણામે ફરિયાદી અને આરોપી વચ્ચે થયેલા સમાધાનને કારણે તેનો નિકાલ કરવામાં આવે છે.

**૨...** ફોજદારી કેસ નં. ૨૪૬૨/૨૦૨૩ માં લુણાવાડાનાં વિ.એડિ. જયુડી.મેજી.ફ.ક. દ્વારા તા.૦૨.૦૯.૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ ચુકાદો આથી સેટ–એ–સાઇડ કરવામાં આવે છે અને આરોપીને ગુનામાંથી મુક્ત કરવામાં આવે છે.

**૩...** આરોપીને રૂા.૮,૨૬૮/– (રૂપિયા આઠ હજાર બસ્સો અડસઠ પૂરા) જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, મહિસાગર, લુણાવાડા ખાતે જમા કરાવવાનો આદેશ આપવામાં આવે છે.

**૪...** સમાધાન મુજબ, અપીલકર્તા દ્વારા અપીલ દાખલ કરતી વખતે જમા કરાયેલ રકમ રીસ્પોન્ડેન્ટ/મૂળ ફરિયાદી બેંકને જમા નાણા ચૂકવવાનો ડીસ્ટ્રીકટ નાઝીર, જિલ્લા ન્યાયાલય, લુણાવાડા, જી.મહીસાગર નાઓને આદેશ આપવામાં આવે છે.

**૫...** આ હુકમની નકલ મુખ્ય વિ.ટ્રાયલ કોર્ટને મોકલવામાં આવશે.

હુકમ આજ રોજ તારીખ ૦૨ જી, માહે–એપ્રિલ, સને ૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨.૦૪.૨૦૨૬
લુણાવાડા.

( **એમ. એન. ગડકરી** )
સેશન્સ જજ, લુણાવાડા, જી.મહીસાગર
જજ કોડ ૦૦૪૨૫

એન.ડી.ખખ્ખર
ગુજ.સ્ટેનો.